# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૩ જુલાઈ ૨૦૨૫** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**શ્રેણી – ૪**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૪૦)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૧૬)**

૧. ઉગ્ગમેણં **ઉપ્પાયણેસણાએ અપરિસુદ્ધં પરિગ્ગહિયં પરિભુત્તં** વા જં

૨. સન્નિવાઈયં **વિવિહારોગાયંકા પરિસહોવસગ્ગા ફાસાફુસંતુ એ યં પિયણં** ચરમેહિં

૩. પઉમ લેસાએ **સુક્ક લેસાએ પડિક્કમામિ સત્તહિં ભયટ્ઠાણેહિં અટ્ઠહિં મયટ્ઠાણેહિં** નવહિં

૪. સિંઘાણેસુ વા **વંતેસુ વા પિત્તેસુ વા પૂએસુ વા સોણિએસુ વા** સુક્કે

૫. અણત્થા દંડે **પક્ષત્તે તંજહા અવજ્ઝાણાચરિયં પમાયાચરિયં** હિંસપ્પયાણં

૬. સવ્વસ્સ **દેવસિયસ્સ અઈયારસ્સ પડિક્કમામિ સમણોડહં** સંજય

૭. પ્રાણ **પર્યાય સંજ્ઞા ઈન્દ્રિય આદિ લબ્ધિ** ઋદ્ધિ

૮. છઉમાણં **જિણાણં જાવયાણં તિન્નાણં તારયાણં** બુદ્ધાણં

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૬)**

૧. કુદંસણ વજ્જણા **ખોટી શ્રદ્ધાનો ત્યાગ કરવો** ૨. પેયાલા **પ્રધાન, પાતાળ કળશા સમાન**

૩. તક્કરપ્પઓગે **ચોરને મદદ કરી હોય** ૪. તદુભયાગમે **સૂત્ર અને અર્થરૂપ આગમ**

૫. લક્ખ વાણિજ્જે **લાખ, રંગ, મીણ આદિનો વેપાર કર્યો હોય**

૬. બુદ્ધાણં **પોતે જીવાદિ તત્ત્વોનો બોધ પામેલા**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી) લખો.** **(૬)**

૧. ધર્મકરણીના ફળમાં સંદેહ રાખવો **વિતિગિચ્છા** ૨. પરમ અર્થનો **પરમત્થ**

૩. ધ્યાન વિના સૂત્રો ભણાયા હોય **વચ્ચામેલિયં** ૪. તે જેમ છે તેમ **તં જહા**

૫. જેમ તેમ નિરર્થક બોલવું **મોહરિએ** ૬. ભલી દષ્ટિથી **સુદિટ્ઠ**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૧૨)**

૧. કર્માદાન એટલે શું? **મહારંભજન્ય વિવિધ વ્યાપારો જેમાં અનંત જીવોની હિંસા થાય છે.** (૧×૬)

૨. પરિગ્રહ એટલે શું? (પહેલો મુદ્દો લખો.) **મમત્વ ભાવથી વસ્તુ ભેગી કરવી.**

૩. શ્રાવકોનું ભોજન કેવું હોવું જોઇએ? બે શબ્દમાં લખો. **અલ્પહિંસક, સાત્વિક**

૪. પ્રમાદના પ્રકાર લખો. **મદ, વિષય, કષાય, નિંદા, વિકથા.**

૫. બાર વ્રતને કેવી રીતે વહેંચ્યા છે? **પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત.**

૬. ચોથું વ્રત એક કોટિએ કોના સંબંધી બતાવ્યું છે? **મનુષ્ય, તિર્યંચ.**

**૭. નીચેનામાં કયા અતિચાર લાગે? કયા પાઠમાં છે?** **(૪)**

૧. તેલની ઘાણીનો વેપાર કીધો હોય. **જંતપીલણ કમ્મે** **સાતમા વ્રતમાં**

૨. સંથારામાં દેવગતિની ઈચ્છા કરી હોય. **પરલોગા સંસપ્પઓગે** **સંથારામાં**

૩. ફૂગ ચડેલી રોટલી વહોરાવી હોય. **કાલાઈક્કમે** **બારમા વ્રતમાં**

૪. દાણચોરો પાસેથી માલ ખરીદ્યો હોય. **તક્કરપ્પઓગે** **ત્રીજા વ્રતમાં**

**૮. અયોગ્ય શબ્દ પર ગોળ કરો.** **(૨)**

૧. વત્થ, **વત્થવિહિં,** કંબલ, પડિગ્ગહ ૨. દેશકથા, રાજકથા, **ધર્મકથા,** પુરુષકથા

૩. કલ્લાણં, મંગલં, ચેઈયં, **સરણં** ૪. **અણત્થા દંડ,** સામાયિક વ્રત, અતિથિ સંવિભાગ, દેશાવગાસિક

(૧૫)

**પ્ર.૨ સામાન્ય સમજણના વિભાગના આધારે લખો.**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૧૦)**

૧. લોક એટલે શું? લોકમાં કયા દ્રવ્ય છે? **અનંત આકાશ દ્રવ્યના જેટલા વિભાગમાં છ દ્રવ્ય હોય તેટલા ક્ષેત્રને લોક કહે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાળ.** **(૨)**

૨. નારકીના જીવો ક્યાં રહે છે? **પાથડામાં નરકાવાસમાં.**

૩. મધ્યલોકમાં કઈ ગતિના જીવો રહે છે? **દેવ, મનુષ્ય, તિર્યંચ.**

૪. ૧૪ રાજલોકનું વર્ણન કયા આગમ સૂત્રમાં છે? **શ્રી જીવાજીવાભિગમ સૂત્રમાં.**

૬. વિમાન કોને કહેવાય છે? **ઊર્ધ્વલોકના દેવોના આવાસોને.**

૭. મધ્યલોકની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ લખો. **૧ રજ્જુ લાંબો, પહોળો અને ૧૮૦૦ યોજન ઊંચો છે.**

૮. શુકલપક્ષી જીવો ક્યારે મોક્ષમાં જાય છે? **અર્ધપુદ્ગલ પરાવર્તન કાળમાં.**

૯. આરાધક જીવો શેમાં આગળ વધી શકે છે? એક શબ્દમાં લખો. **આત્મવિકાસયાત્રામાં**

૧૦. સિદ્ધ અવસ્થાની સ્થિતિ કેટલી? **અનંતકાળ પર્યંત.**

**(બ) ખાલી જગ્યા પૂરો. (૫)**

૧. ...... કે ...... પણું કાલ સાપેક્ષભાવ છે. **કૃષ્ણપક્ષી, શુક્લપક્ષી**

૨. અઢીદ્વીપની બહારના ......–...... સ્થિર છે. **ચંદ્ર, સૂર્ય**

૩. ઘનોદધિની નીચે અસંખ્યાત યોજનમાં ......–...... વાયુ હોય. **ઘનવાયુ, તન**

૪. ભગવાનની આજ્ઞા અનુસાર ...... કે ...... નું પાલન કરે તે આરાધક છે. **શ્રાવકધર્મ, સાધુધર્મ**

૫. વાણવ્યંતર દેવો ......, ...... આદિમાં પણ તેઓ નિવાસ કરે છે. **પર્વતો, વનો**

**(૨૦)**

**પ્ર.૩ તત્ત્વ વિભાગ/સંસ્કાર વિભાગના આધારે લખો.**

**(અ) ૩૫ બોલના આધારે લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. દષ્ટિ, સમવાય, અસ્તિકાય અને કર્મ એટલે શું?

**દષ્ટિ : તત્ત્વ વિચારણાની પદ્ધતિ.**

**સમવાય : જેના સમન્વયથી કાર્ય થાય છે.**

**અસ્તિકાય : પ્રદેશોના સમૂહને.**

**કર્મ : મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગના કારણે જીવ સાથે જે બંધાય છે તેને કર્મ કહે છે.**

૨. માત્ર સંખ્યા લખો – યોગ **૧૫** છ દ્રવ્યના બોલ **૩૦**

પ્રમાણ **૪** અક્રિયાવાદીના ભેદ **૮૪**

૩. છટ્ઠી લેશ્યા, છટ્ઠું ગુણસ્થાન, છટ્ઠી ભાવના અને શ્રાવકનો છટ્ઠો ગુણ લખો.

**શુક્લ લેશ્યા, પ્રમત્ત સંયતિ, અશુચિ ભાવના, પાપભીરુ.**

૪. પાંચ બોલનું પ્રતિક્રમણ આશ્રવના કયા બોલમાં છે? **મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભયોગ.**

૫. દેવતાના દંડક કેટલા? કેવી રીતે?

**૧૩, દશ ભવનપતિના ૧૦ દંડક, ૧ વાણવ્યંતર, ૧ જ્યોતિષી, ૧ વૈમાનિક.**

**(આ) છકાયના આધારે લખો.** **(૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૧૦)**

૧. વનસ્પતિકાયના કુળ, વર્ણ અને સંસ્થાન લખો. **કુળ ૨૮ લાખ ક્રોડ, વર્ણ વિવિધ સંસ્થાન વિવિધ.**

૨. ખેચર એટલે શું? **જે આકશે ઊડે તેને ખેચર કહે છે. ચામાચીડિયા, કબૂતર.**

૩. મનુષ્યના મુખ્ય ભેદ લખો. **બે ભેદ ૧) ગર્ભજ ૨) સંમૂર્ચ્છિમ.**

૪. વાઉકાય કોના જેવડી કાયા કરે? અપ્‌કાયનું આયુષ્ય લખો.

**વડના બીજ જેવડી. જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૭૦૦૦ વર્ષ.**

૫. કુળ કોને કહેવાય? **તે તે યોનિમાં તેટલા પ્રકારના જીવો ઉપજે.**

૬. છેલ્લી ત્રણ નરકના નામ શું છે? **રિટ્ઠા, મઘા, માઘવતી.**

૭. પૃથ્વીકાયની દયા કેવી રીતે પાળી શકાય? બે મુદ્દા લખો.

**૧) જમીન ખોદવી નહિ. ૨) ખોદેલી જમીન પર ચાલવું નહિ. ૩) સોના, ચાંદી, હીરા, રત્નોના દાગીના પહેરવા નહિ. ૪) કાચું મીઠું વાપરવું નહિ.**

૮. વિકલેન્દ્રિયના કુળ લખો. **બેઈ.ના ૭ લાખ ક્રોડ, તેઈ.ના ૮ લાખ ક્રોડ, ચૌરે.ના ૯ લાખ ક્રોડ.**

૯. કાય એટલે શું? **સમૂહ, શરીર. એક જ પ્રકારના જીવોના સમૂહને કાય કહે છે.**

૧૦. બાદર જીવો લોકમાં ક્યાં છે? **લોકના દેશ ભાગમાં**

(૫)

**પ્ર.૪ ધર્મ અને વિજ્ઞાન આધારે નીચેના વાક્યો ખોટા છે કે સાચા? ખોટા હોય તે સુધારીને લખો.**

૧. એકેન્દ્રિયનું જીવત્વ ક્રિયાથી પ્રગટ થાય છે.

**ખોટું. એકેન્દ્રિયનું જીવત્વ કોઇ ક્રિયાથી પ્રગટ થતું નથી.**

૨. છકાયના જીવોની સિદ્ધિ આચારાંગ સૂત્ર અધ્યયન ૪ માં છે.

**ખોટું. છકાયના જીવોની સિદ્ધિ આચારાંગ સૂત્ર અધ્યયન ૧ માં છે.**

૩. એકેન્દ્રિય જીવોનું છેદન–ભેદન કરીએ તો તેને સંવેદન થાય છે. **સાચું.**

૪. આપણી શ્રદ્ધાને દઢ બનાવવી તે જ જીવનની સફળતા છે. **સાચું.**

૫. સાધુના જ્ઞાન પ્રતિ આપણી પૂર્ણ શ્રદ્ધા છે.

**ખોટું. પ્રભુના જ્ઞાન પ્રતિ આપણી પૂર્ણ શ્રદ્ધા છે.**

(૧૦)

**પ્ર.૫ વાર્તાના આધારે જવાબ લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.** **(૬)**

૧. ત્રિપૃષ્ઠ વાસુદેવનું આયુષ્ય કેટલું હતું? તેઓ મરીને ક્યાં ગયા? **૮૪ લાખ પૂર્વ, ચોથી નરક**

૨. મોક્ષમાં જવા શેના ભાવ ઉત્કૃષ્ટ જોઈએ? **સંવેગ,નિર્વેદ**

૩. વસુમતીના માતા–પિતાનું શું નામ છે? **દધિવાહન, ધારિણી**

૪. મૂળા શેઠાણી કેવી ચિંતામાં ફસાઈ ગયા? **નકામી, ખોટી**

૫. ગજસુકુમારનું શું અલૌકિક હતું? **ક્ષમાભાવ, સમતાભાવ**

૬. વેરની પરંપરા ક્યાં સુધી ચાલે છે અને કેવા દુઃખ આપે છે? **ભવોભવ, ભયાનક**

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

૧. મોક્ષમાં જવાનો શોર્ટ કર્ટ માર્ગ કયો? **ગજસુકુમાર ભગવાન અરિષ્ટનેમિને કહે છે.**

૨. તું પશુઓમાં સિંહ સમાન છે. **ત્રિપૃષ્ટ વાસુદેવનો સારથી સિંહને કહે છે.**

૩. આને આપણી દીકરી ગણીને રાખજે. **ધનાવહ શેઠ મૂળા શેઠાણીને કહે છે.**

૪. હું તેનો બદલો લઉં. **સોમિલ બ્રાહ્મણ મનમાં વિચારે છે.**

(૧૦)

**પ્ર.૬ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. આયુષ્ય **ઘટતું જાય તો પણ પાપ બુદ્ધિ નવ ઘટે, આશા જીવનની જાય પણ વિષયાભિલાષા નવ મટે,**

**ઔષધ વિશે કરું યત્ન પણ ધર્મને હું નવ ગણું, બની મોહમાં મસ્તાન હું પાયા વિનાના ઘર** ચણું.

૨. અથવા **નકામું આપ પાસે નાથ શું બકવું ઘણું? હે દેવતાના પૂજ્ય! આ ચારિત્ર મુજ પોતાતણું,**

**જાણો સ્વરૂપ ત્રણ લોકનું ત્યાં મારું તો શું માત્ર આ? જ્યાં ક્રોડનો હિસાબ નહિ ત્યાં પાઈની તો વાત** ક્યાં?

૩. મહા **અતુલ્ય બળી નર, શૂર વીર ને ધીર, તીર્થ પ્રવર્તાવી, પહોંચ્યા ભવ જળ તીર,**

**સીમંધર પ્રમુખ, જઘન્ય તીર્થંકર વીશ, છે અઢી દ્વીપમાં, જયવંતા** જગદીશ.

૪. કેવળ **ઉપરાજ્યું, કરી કરણી કરતૂત, જિનમત દીપાવી, સઘળા મોક્ષ પહુંત,**

**શ્રી ભરતેશ્વરના, હુઆ પટોધર આઠ, આદિત્ય જશાદિક,પહોંચ્યા શિવપુર** વાટ.

૫. માત્ર **મનોરથ આ ત્રણ મારા, હે પ્રભુ! પૂર્ણ કરજો**

**મોહ પ્રભાવે અન્ય મહેચ્છા, ઉરમાં ન કદી ઉઠજો**

**મુક્તિ મળે આપ કૃપા બળે, મનના મનોરથ બધા** ફળે.